

**UNITED**
WE ACHIEVE MORE

# GCCI REGIONAL COUNCIL


*Chairman*

**Durgesh Buch**
President
Gujarat Chamber of Commerce & Industry

*Co-Chairman: Ahmedabad Zone*

**Shri Sunil Vadodaria**
President
Saurashtra Chamber of Comm. & Ind.

*Co-Chairman: Central Gujarat Zone*

VCCI

**Shri Hemant Vadalia**
President
Vadodara Chamber of Comm. & Ind.

*Co-Chairman: Saurashtra Zone*

**Shri V. P. Vaishnav**
President
Rajkot Chamber of Comm. & Ind.

*Co-Chairman: South Gujarat Zone*

SGCCI

**Shri Ketan Desai**
President
The Southern Gujarat Chamber of Comm. & Ind.

**:Members:**

**Shri Anil Jain**
President
Gandhidham Chamber of Comm. & Ind.

**Shri Bipendrasinh Jadeja**
President
Jamnagar Chamber of Comm. & Ind.

**Shri Kanubhai Domadia**
President
Junagadh Chamber of Comm. & Ind.

**Shri Shivrambhai Patel**
President
The Banaskantha Dist. Chamber of Comm. & Ind.

**Shri Shailesh Shah**
President
Zalawad Chamber of Comm. & Ind.



*Communication Address:*
**Gujarat Chamber of Commerce & Industry**
Shri Ambica Mills - Gujarat Chamber Bldg.,
Nr. Mithakhali Underbridge, Ashram Road,
Ahmedabad - 380 028, (Gujarat, India)
Phone: (079) 26582301-2-3-4
Email: regionalcouncil@gujaratchamber.org


17 એપ્રિલ, 2020

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

**વિષય: COVID-19 ને કારણે લોકડાઉન પછી વેપાર-ઉદ્યોગ ને ફરી શરુ કરવા માટેની સહાય અંગે રાજ્ય સરકાર ને લગતા સૂચનો**

**માનનીય શ્રી વિજયભાઈ,**

આપણી કુશળતા ઇચ્છુ છું.

ગુજરાત ચેમ્બરની રિજિયોનલ કાઉન્સિલ ગુજરાત રાજ્યના અગ્રણી ચેમ્બરોનું સંગઠન છે જે રાજ્યના સમગ્ર વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે અને સંયુક્ત પ્રયત્નો દ્વારા વેપાર-ઉદ્યોગ માટે સાનુકૂળ વાતાવરણ બનાવવાના ઉદ્દેશથી કાર્ય કરે છે. રાજ્યના વેપાર-ઉદ્યોગની જરૂરિયાતો, મૂંઝવણો અને સૂચનોને સમયસર વાચા આપી તેને ચર્ચા-વિચારણા માટે આપશ્રી સુધી પહોચાડવાની મહત્વપૂર્ણ કામગીરી GCCI ની રિજિયોનલ કાઉન્સિલ સતત કરતી આવી છે.

COVID-19 મહામારીને નિયંત્રણમાં રાખવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલ સમયસરના પગલાંઓને અમે બિરદાવીએ છીએ. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપશ્રી દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવેલ રાહત માટેના પગલાંઓની પણ અમે પ્રશંસા કરીએ છીએ.

આપ જાણો છો તેમ વેપાર-ઉદ્યોગ આ મહામારીને કારણે ખૂબ જ પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યા છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે જો તેમને સમયસર અને પૂરતી રાહતો અને સહાય આપવામાં ન આવે તો વેપાર અને ઉદ્યોગનો મોટો વર્ગ, ખાસ કરીને નાના વેપારીઓ અને ઔદ્યોગિક એકમો ટકી શકશે નહીં.

તેથી અમે અમારા સભ્યોનો પ્રતિસાદ મેળવી લોકડાઉન પછી રાહત અને સહાય માટેના સૂચનો તૈયાર કર્યા છે જે આપની વિચારણા અને જરૂરી સકારાત્મક નિર્ણય માટે મોકલી રહ્યા છીએ.

રાજ્યના અર્થતંત્રના વિશાળ હિતમાં અમારા સૂચનોની વહેલી સકારાત્મક વિચારણાની અમે આશા રાખીએ છીએ.

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**ચેરમેન-GCCI રિજિયોનલ કાઉન્સિલ**

**બીડાણ: ઉપર મુજબ**

**નકલ રવાના:**

1. **શ્રી નીતિનભાઈ પટેલ,** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
2. **શ્રી અનિલ મુકીમ, IAS,** મુખ્ય સચિવ, ગુજરાત સરકાર
3. **શ્રી એમ.કે. દાસ, IAS,** અગ્ર સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર

**<u>Covid-19 ને કારણે લાગુ કરેલ લૉક-ડાઉનના અંતે વેપાર-ઉદ્યોગને ફરી કાર્યરત કરવા માટે ની સહાય બાબતે રાજ્ય સરકાર અંગેના સૂચનો.</u>**

| અનુ. નં. | સૂચન | સંભવિત ફાયદાઓ |
|---|---|---|
| ૧. | **નાના વેપારીઓ તેમજ ઉદ્યોગગૃહો માટેની સહાય યોજના.**<br><br>- ગુમાવેલ સમયગાળા દરમ્યાનનું વર્કીંગ કેપીટલ માટેની Soft Loan ઓછા વ્યાજ દરે અને તાત્કાલિક મંજુરી સાથેની સરળ પ્રક્રિયાથી આપવી જોઇએ.<br>- આ લોન માટેનું મોરેટોરીયમ પીરીયડ ૬ માસનો રાખવો. | - નાના વેપારીઓ તેમજ ઉદ્યોગ ગૃહોને તમની વર્કીંગ કેપીટલની જરૂરિયાત પુરી કરવા સહાય મળી રહેશે. |
| ૨. | - ગત વર્ષના જીએસટી ટર્નઓવરના ત્રિમાસીક સરેરાશ રકમ ના ૮% ઉચ્ચક સબસીડી તરીકે લૉક-ડાઉન તેમજ લૉક-ડાઉન પછીના અમુક સમય સુધી આપવી જોઇએ.<br>- આ સબસીડી નાના વેપારીઓ અને ઉદ્યોગગૃહોને મળે તે આશયથી વાર્ષિક આવકની મર્યાદા નક્કી કરવી જોઇએ. | - નાના વેપારીઓ અને ઉદ્યોગગૃહો આ લૉક-ડાઉનને કારણે સૌથી વધુ વિપરીત અસર ભોગવી રહ્યા છે અને તેમનું અસ્તિત્વ ટકાવવામાં મુશ્કેલી પડે તેવા સંજોગો શક્ય છે. આ સબસીડી દ્વારા લૉક-ડાઉનને કારણે થયેલ નુકશાન ને કારણે પડેલ મુશ્કેલીમાં થોડી રાહત મળી રહેશે. |
| ૩. | **લૉક-ડાઉન સમયે વીજ બીલમાં સૂચિત રાહતો.**<br><br>- પરિસ્થિતિ સામાન્ય થાય નહીં ત્યાં સુધી વીજ બીલ ભરવામાંથી મુક્તિ આપવી જોઇએ.<br>- આ સમય દરમ્યાન કોઇ ઉપભોગતા દ્વારા વીજ બીલની રકમ ન ચૂકવી શકવાના કિસ્સામાં પાવર કનેક્શન કાપવો ન જોઇએ.<br>- સમય મર્યાદા પછી વીજ બીલની ચૂકવણી ના કિસ્સામાં ડીલેઇડ પેમેન્ટ ચાર્જ ન લગાવવો જોઇએ.<br>- ડીમાન્ડ/ ફીક્સ ચાર્જ એપ્રિલ અને મે-૨૦૨૦ના લૉક-ડાઉન ના સમય દરમ્યાન લગાવવો ન જોઇએ. | - વીજ ખર્ચ ઉદ્યોગો માટે ખૂબ મોટો ખર્ચ હોય છે અને હાલમાં ઉત્પાદન બંધ હોવાથી લૉક-ડાઉનને કારણે ઉદ્યોગોને કોઇ પણ પ્રકારની આવક થતી નથી. આ રાહતો આપવાથી ફીક્સ્ડ ચાર્જમાં ઘટાડો થશે જેથી ઉદ્યોગના નુકશાનને ઘટાડી શકાશે. |

| | | |
|---|---|---|
| | - પવન ઉર્જા ઉત્પાદનમાં બેન્કીંગની સમય મર્યાદા વધારીને ૩૦ જુન સુધી કરવી જોઇએ.<br>- ૨૨ માર્ચ-૨૦૨૦ પહેલાં જે યુનિટો કાર્યરત હતા તેમના માટે વીજ બીલ વીજ વપરાશના આધારે અથવા જેટલા દિવસ માટે યુનિટ કાર્યરત હતું તેના સરેરાશ દૈનિક વપરાશ ના આધારે નક્કી કરવા જોઇએ. | |
| ૪. | - કોમર્શિયલ અને ઔદ્યોગિક મિલકતને ૩ માસ માટે મિલકત વેરામાંથી મુક્તિ આપી ૯ મહિનાનો વેરો લેવો જોઇએ. | - લૉક-ડાઉન પછી વેપાર-ઉદ્યોગને ફરીથી સામાન્ય થતા ઓછામાં ઓછો ૨ માસ જેટલો સમય લાગશે.<br>- આ સમય દરમ્યાન કેટલાંક ફીક્સ ખર્ચાઓનું ભારણ રહેશે તેથી ૩ માસ માટે કોમર્શિયલ અને ઔદ્યોગિક મિલકતને વેરામાંથી મુક્તિ આપવામાં આવે તો વેપાર-ઉદ્યોગને થોડી રાહત મળી રહેશે. |
| ૫. | - જરૂરી ચીજ-વસ્તુઓના પેકેજીંગ માટેની ફેક્ટરીઓને ઉત્પાદન ચાલુ રાખવાની મંજુરી આપવી જોઇએ. | - હાલમાં વિવિધ ખાદ્ય ઉત્પાદનો, હેન્ડ સેનીટાઇઝર, દવાઓ જેવી જરૂરી ચીજ-વસ્તુઓ મોટાભાગે પેકિંગમાં જ આવે છે તેથી આ ચીજ-વસ્તુઓના પેકેજીંગ મટીરીયલ બનાવતા ઉદ્યોગોને અમુક મર્યાદાઓ સાથે તેનું ઉત્પાદન ચાલુ રાખવા મંજુરી આપવી જોઇએ જેથી આ જરૂરી ચીજ-વસ્તુઓ પુરતા પ્રમાણમાં મળી રહે. |
| ૬. | **ટ્રાન્સપોર્ટ અંગેના સૂચનો :**<br><br>- કેન્દ્ર સરકારની જેમ લૉક-ડાઉનના સમય દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ ટોલ ટેક્ષ ઉઘરાવવો ન જોઇએ.<br>- જે માલવાહક વાહનો ઉપરની પરમીટ અને ઇન્સ્યોરન્સની મર્યાદા લૉક-ડાઉન સમયે પુરી થતી હોય તેમના માટે ૨ મહિના માટે સમય મર્યાદા લંબાવવી જોઇએ. | - જરૂરી ચીજ-વસ્તુઓની અબાધિત ઉપલબ્ધતા જાળવવા માટે ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માં મુશ્કેલી ન આવે તે માટે આ સૂચનો ખુબજ જરૂરી છે. |
| ૭. | - જી.આઇ.ડી.સી.માં પ્લોટ/શેડ ધારકો દ્વારા ચૂકવવાના હપ્તાની રકમ માટે ૬ માસના સમયમાં | - હાલના સમયમાં ઉદ્યોગોને કોરોનાને કારણે થયેલ નુકશાનની ભરપાઇ કરવામાં રાહત થશે. |

| | | |
|---|---|---|
| | વગર વ્યાજે હપ્તેથી ચૂકવવાની મંજુરી આપવી જોઇએ. | |
| ૮. | **સ્ટેટ જીએસટી અંગેનાં સૂચનો :**<br><br>- હાલના અસાધારણ સંજોગોને ધ્યાનમાં લઇ માસ્ક, PPE, સેનીટાઇઝર અને ટેસ્ટીંગ કીટને GST માંથી સંપૂર્ણ મુક્તિ આપવી જોઇએ.<br>- હાલની પરિસ્થિતિમાં સ્ટેટ જીએસટી માં ૩ માસ માટે ૫૦% રાહત આપવી જોઇએ.<br>- કેન્દ્રીય જીએસટીની જેમજ સ્ટેટ જીએસટીના બાકી રીફંડની તાત્કાલિક ધોરણે ચૂકવણી કરવી જોઇએ. | - ટેક્ષની રકમ ઘટવા તેમજ રીફંડની રકમ મળવાથી હાલના સમયમાં ઉદ્યોગોને કોરોનાને કારણે થયેલ નુકશાનની ભરપાઇ કરવામાં રાહત થશે. |
| ૯. | **ટુરીઝમ પોલીસી ૨૦૧૫ થી ૨૦૨૦**<br><br>- ગુજરાત રાજ્યની ટુરીઝમ પોલીસી અંતર્ગત માન્ય પ્રોજેક્ટોને સબસીડી અને એક્ઝામ્પશન નો ફાયદો મળી રહે તે આશયથી પોલીસીની સમય મર્યાદા ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી લંબાવવામાં આવવી જોઇએ. | - આ મુદ્દત લંબાવવાથી હોસ્પિટાલીટી ઉદ્યોગને ખાસ કરીને નવા આવતાં હોટલોના પ્રોજેક્ટને સહાય મળી રહેશે. |
| ૧૦. | **પગાર/મહેનતાણાં અંગેના સૂચન.**<br><br>- કોન્ટ્રાક્ટ/સ્થાયી ધોરણે કાર્યરત શ્રમિકોને મનરેગા ના ધોરણ પ્રમાણે પ્રતિ દિન રૂા.૨૦૨/- પ્રમાણે ચૂકવવા મંજુરી આપવી જોઇએ.<br>- ઓફીસ અથવા ફેક્ટરીમાં કામ કરતાં કુશળ કર્મચારીઓ માટે રૂા.૧૫,૦૦૦/- ની લીમીટ રાખવી જોઇએ અને આર્થિક પરિસ્થિતિ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી વધુ પગાર આપવો તેવી છુટછાટ આપવી જોઇએ.<br>- પગાર ચુકવવામાં વિલંબ અથવા ન ચૂકવી શકવાના કિસ્સાઓમાં કારણો જાણ્યા વગર દંડની જોગવાઇઓ લાગુ ન કરવી જોઇએ. | - આથી કામદારો અથવા કર્મચારીઓને જીવનનિર્વાહ માટેની જરૂરિયાત પુરતું મહેનતાણું મળી રહેશે અને વેપાર-ઉદ્યોગ પરનું આર્થિક ભારણ ઓછું કરી શકાશે. |
| ૧૧. | - જરૂરી ચીજ-વસ્તુઓ જેવી કે ચા વિગેરેના રાજ્યભરના વિતરણ માટે ૧ થી વધુ ટ્રક અથવા | - આ સુધારાથી જરૂરી ચીજ-વસ્તુઓની સામગ્રી પુરતા પ્રમાણમાં મળી રહેશે. |

| | | |
|---|---|---|
| | અન્ય માલવાહક વાહનો ને મંજુરી આપવી જોઈએ. | |
| ૧૨. | - માંદા એકમોને મળવાપાત્ર રૂા.૧ ની પાવર સબસીડીને વધારીને રૂા.૨ કરવી જોઈએ. | - માંદા એકમોને આ વધારા ને કારણે રાહત મળશે જેથી તેઓ ફરી કાર્યરત થઇ શકશે. |
| ૧૩. | - સુર્ય ગુજરાત રૂફટોપ યોજના ૨૦૧૯ અંતર્ગત મળવાપાત્ર સબસીડી તાત્કાલિક ધોરણે આપવી જોઈએ. | - સોલાર પ્રોજેક્ટને આ સબસીડી મળવાથી હાલની પરિસ્થિતિમાં ફાયદો મળશે. |
| ૧૪. | - વેરા સમાધાન યોજના-૨૦૧૯ અંતર્ગત ભરવાપાત્ર હપ્તાની રકમ તા. ૩૦-૯-૨૦૨૦ સુધીમાં ૧૧ સરખા હપ્તેથી ભરવા માટે મંજુરી આપવી જોઈએ. | - આથી હાલમાં કોવિદ-૧૯ ને કારણે સર્જાયેલ આર્થિક નાણાંભીડ ને ઘટાડી શકાશે. |